# કિચન ગાર્ડનનો એક દિવસીય તાલીમ શિબિરનો કાર્યક્રમ યોજાયો

નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, બાગાયત વિભાગ, ગુજરાત રાજ્ય અને શેઠ ડી.એમ.પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મોડેલ ફાર્મના સયુક્ત ઉપક્રમે એક દિવસીય કિચન ગાર્ડનની વડોદરા શહેરીજનો માટેનો તાલીમ શિબિર તા.૨૧/૧૦/૨૦૨૨ ના રોજ યોજવામાં આવ્યો. આ તાલીમ શિબિરમાં વડોદરા શહેરના કુલ ૧૨૦ જેટલા ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. સદર તાલીમ શિબિરમાં આણંદ કૃષિ યુનિવર્સિટીની શેઠ ડી.એમ.પોલિટેકનિક ઈન હોર્ટીકલ્ચરના ડો.બી.એચ.પંચાલ, ડો.વી.કે.પટેલ, ડો.આર.જે.મકવાણા અને શ્રી વી.ડી.રાઠવા એ કિચન ગાર્ડનના વિવિધ વિષયો પર રસપ્રદ માહિતી આપેલ. ડો.એન.એમ.શાહ, નિવૃત બાગાયત નિયામકશ્રીએ ઔષધિય કિચન ગાર્ડન અંગે જાણકારી આપેલ. તાલીમર્થીઓએ શેઠ ડી.એમ.પોલિટેકનીકના રૂફ ટોપ કિચન ગાર્ડન અને નર્સરીની મુલાકાત કરી, તેમાં ઉગાડેલ પાકોની જાણકારી મેળવેલ. સદર કાર્યક્મમાં ડો.પારેખ નાયબ બાગાયત નિયામકશ્રી, ડો. બી.એચ.પંચાલ આચાર્ય અને યુનિટ અધિકારીશ્રી અને શ્રી એન એમ શાહ, નિવૃત બાગાયત નિયામકશ્રી હાજર રહીને, માર્ગદર્શન આપી સૌને પ્રોત્સાહિત કરેલ. મદદનીશ બાગાયત નિયામકશ્રી તથા બાગાયત અધિકારીશ્રી, બાગાયત વિભાગ વડોદરાએ દરેક તાલીમાર્થીને શાકભાજી કીટ અંગે જાણકારી આપીને શાકભાજી કીટવિતરણ કરવામાં આવ્યું .કાર્યક્રમના અંતે બાગાયત અધિકારીશ્રીએ સૌનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરેલ.












